# જાહેરનામું

## ગુજરાત સરકાર

## મહેસુલ વિભાગ

## સચિવાલય, ગાંધીનગર

(જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ- ૨૦૧૩( (૨૦૧૩નો ૩૦મો)

જિલ્લો : અમદાવાદ

**ક્રમાંક :અમ-મ-૨૦૨૪-૨૪૨-જઅમ-૨૯૨૦૨૪-૫૭૦-ઘ** 13, JUN 2024 **તારીખ :**

પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ અથવા વટામણ ટ્રાંસમિશન લિમિટેડ (૧૦૦% સબસિડરી ઓફ પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા લિમિટેડ) ભારત સરકાર દ્વારા ૭૬૫ કે.વી. સબ સ્ટેશનના બાંધકામના જાહેર હેતુ માટે જમીન જરૂર પડવાનો સંભવ છે, એવું ગુજરાત સરકારને જણાય છે

(૧) તેથી જમીન સંપાદન જમીન સંપાદન પુનઃસ્થાપના અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ- ૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો) (જેનો આમાં હવે પછી 'સદરહુ અધિનિયમ' તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે)ની કલમ- ૨ (૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉપરોક્ત આંતર માળખાકીય પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

(૨) હવે જ્યારે ઉક્ત સુચિત પ્રોજેક્ટ 'પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા લિમિટેડ' અથવા વટામણ ટ્રાંસમીશન લિમિટેડ, ભારત સરકાર દ્વારા ૭૬૫ કે.વી. સબ-સ્ટેશનના બાંધકામના જાહેર હેતુ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજૂ થયેલ છે. ત્યારે આ પ્રોજેક્ટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછી જમીનનો કુલ વિસ્તાર હે.આરે. ૬૨-૨૧-૬૪ ચો.મી. છે અને તે મોજે મોટી બોરૂ, તા. ધોળકા, જિ. અમદાવાદની હદમાં આવેલ છે.

(૩) હવે જ્યારે ઉપરોક્ત આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે.આરે. ૬૨-૨૧-૬૪ ચો.મી. જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ ૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપવાનું રાજ્ય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

(૪) તેથી સદરહુ અધિનિયમની કલમ- ૧૦ (એ) (જમીન સંપાદન પુનઃ સ્થાપન અને પુનર્વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા (ગુજરાત સુધારા) અધિનિયમ- ૨૦૧૬ (૨૦૧૬નો ગુજરાત અધિનિયમ નં.૧૨)ની કલમ-૩થી દાખલ કરેલ)થી મળેલ અધિકારો અન્વયે રાજ્ય સરકાર આથી જાહેર હિતમાં ''પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લિમિટેડ'' અથવા વટામણ ટ્રાંસમીશન લિમિટેડ (૧૦૦% સબસીડરી ઓફ પાવર ગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા લિમિટેડ), ભારત સરકારના આંતરમાળખાકીય પ્રોજેક્ટ માટે સંપાદન થતી જમીનમાં સમાવિષ્ટ થયેલ મોજે મોટી બોરૂ, તા. ધોળકા, જિ. અમદાવાદની ક્ષેત્રફળ હે.આરે. ૬૨-૨૧-૬૪ ચો.મી. જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ ૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુક્તિ આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**રાજ નમેરા**

**સરકારના સચિવ**

**ક્રમાંક/ સંમાનિ/ અમદ/૨૩૬/૨૦૨૪**

કોરિયાની
ભારતીય શાખા
બીજા નંબરન
નિર્માતાએ મા
ડ્રાફ્ટ આઈપી
કંપની પ્રારંભિ
આશરે ૩ બિ
૨૫,૦૦૦ કર
રહી છે
સંપૂર્ણપણે ૧

**5G**

**એલેક**

ટાટા
કામગીરીને
એપ્લિકેશન
ઓપરેશન
સાથે તેના
કંપની
સહયોગને

**શ્રી નં**

ભા
શ્રી નંદ
પૂર્ણ ક
પ્રવેશ
કુરિય
ટર્નઓ
છે ત
૧૧
ઉભુ
ઈન્
કરી
સ
સ
કા